| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૨૬/૦૩/૨૦૨૫ | | |
| દાખલ તારીખ : | ૨૬/૦૩/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૦ | ૦૪ |

**માલપુરના મે. જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.માલપુર,જી.અરવલ્લી.**

**ફોજદારી કેસ નં–૨૧૯/૨૦૨૫**
આંક– **૩૮**

**ફરીયાદી :–** શ્રી સર કા ર (મિતેષકુમાર કનુભાઈ પટેલ)
રહે.ચંદસર,તા.માલપુર જી.અરવલ્લી

**વિરૂદ્ધ**

**આરોપીઓ :–** (૧) હર્ષભાઈ મનહરભાઈ પટેલ,
(૨) મમતાબેન વા/ઓ હર્ષભાઈ મનહરભાઈ પટેલ,
(૩) ઉષાબેન વા/ઓ મનહરભાઈ માધાભાઈ પટેલ.
તમામ રહે.ચંદસર,તા. માલપુર, જી.અરવલ્લી

**ગુન્હો:– ભારતીય ન્યાય સંહિતા –૨૦૨૩ ની કલમ – ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૨૯૬(ખ) , ૫૪ અન્વયે**

---

**સરકાર તરફે** :– વિ.એ.પી.પી.શ્રી આઈ.એચ.બલોચ
**આરોપીઓ તરફે** :– વિ.વ.શ્રી.એસ.કે.પંડયા

---

-:(ઠ રા વ):-

(૧)... ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૯.૦૩.૨૦૨૫ ના કલાક ૧૯/૩૦ વાગ્યાનાં સુમારે મોજે ચંદસર ગામે આ કામનાં ફરીયાદી પોતાના કુટુંબી ભાઈ શૈલેષભાઈ રાવજીભાઈ પટેલનાઓના ઘરે જતા હતા ત્યારે કોલમ નં.(૧)માં જણાવેલ આરોપીઓએ ફરીયાદીને મા-બેન સામી બિભત્સ અશ્લીલ ગાળો બોલી કહેવા લાગેલો તને તથા તારા ભાઈઓને અમારા ખેતરમાં આવેલ રસ્તામાંથી નીકળવા નહી દઈએ તારાથી થાય તે કરી લેજે જેથી ફરીયાદીએ તેઓને ગમે તેમ બિભત્સ અશ્લીલ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.(૧) હર્ષભાઈ મનહરભાઈ પટેલનાઓએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જતા જતા ત્રણેય આરોપીઓએ ફરીયાદીને મા-બેન સામી અશ્લીલ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૨૯૬(ખ),૫૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ. જે અંગેની ફરીયાદીએ માલપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતા પોલીસે સદર ગુના અંગેની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી આ કામનાં આરોપીઓની અટક કરી અને તપાસ પુર્ણ કરેલ અને સદર ગુના અન્વયે તે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા કોર્ટમાં સદર ગુના અન્વયેનુ ચાર્જશીટ રજુ કરેલ.

(૨)... આ કામનાં આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યાર બાદ **બી.એન.એસ.એસની કલમ-૨૩૦** મુજબ આરોપીઓને **બી.એન.એસ.એસની કલમ-૧૯૩** મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, **બી.એન.એસ.એસની કલમ-૨૬૩(૧)** પ્રમાણે આરોપીઓ ઉપર **આંક-૦૫** થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીઓને વાંચી-સંભળાવી, આરોપીઓનું સદરહું તહોમતનામા અંગે **આંક-૦૬ થી ૦૮ સુધી** નીવેદન નોધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીઓને ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

(૩)... ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે :–

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મિતેષકુમાર કનુભાઈ પટેલની જુબાની | ૩૨ |

**દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૩૩ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૪ |
| ૩ | સારવાર પ્રમાણપત્ર | ૩૫ |

(૪)... આ કામે ફરીયાદ પક્ષે મહત્વનાં સાહેદને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોય તેવી પુરસીસ આપેલ હોય તેમજ સરકાર તરફે પણ વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓને તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં,**નામ.સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫,‘‘સતીષ મહેરા વિ. દિલ્હી એડ મિનિસ્ટ્રેશન’’ તથા (૨૦૦૮)૯, એસ.સી.સી., ૬૭૭, ‘‘નિખિલ મરચન્ટ વિ. સી.બી. આઈ.’’ તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, ‘‘મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ’’**ના ચુકાદાઓમાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, ફરીયાદી/ત્રાહીત પક્ષકારની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતી હકીકત આવતી ન હોય અને ફરીયાદી જયારે વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી હકીકત જણાવતા હોય તેવા સંજોગોમા કોર્ટે

આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફયુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો કરવામાં આવેલ છે.

(૫)... આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીઓ સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીઓનું **બી.એન.એસ.એસ.ક–૩૫૧** મુજબનું વિશેષ નિવેદન નોઘવા લાયક પુરાવો ન જણાતા આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬)... ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭)... આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:(મુદ્દાઓ):–**

(૧) શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તા.૧૯.૦૩.૨૦૨૫ ના કલાક ૧૯/૩૦ વાગ્યાનાં સુમારે મોજે ચંદસર ગામે આ કામનાં ફરીયાદી પોતાના કુટુંબી ભાઈ શૈલેષભાઈ રાવજીભાઈ પટેલનાઓના ઘરે જતા હતા ત્યારે કોલમ નં.(૧ )માં જણાવેલ આરોપીઓએ ફરીયાદીને મા–બેન સામી બિભત્સ અશ્લીલ ગાળો બોલી કહેવા લાગેલો તને તથા તારા ભાઈઓને અમારા ખેતરમાં આવેલ રસ્તામાંથી નીકળવા નહી દઈએ તારાથી થાય તે કરી લેજે જેથી ફરીયાદીએ તેઓને ગમે તેમ બિભત્સ અશ્લીલ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.(૧) હર્ષભાઈ મનહરભાઈ પટેલનાઓએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જતા જતા ત્રણેય આરોપીઓએ ફરીયાદીને મા–બેન સામી અશ્લીલ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧ (૩),૨૯૬(ખ),૫૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮)... ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.
(૨) આખરી હુકમ મુજબ.

(૯)... ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે :–

**–/(કારણો)/–**

***મુદ્દા નંબર–૧ અંગે :–***

**(૧૦)...** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપીઓ વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ પર રહેલો છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દૃષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૧૦.૧)...** આ કામે ફરીયાદ પક્ષ તરફે **આંક–૩૨ થી ફરીયાદી મિતેષકુમાર કનુભાઈ પટેલના**ઓએ સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે,બનાવ એક વર્ષ પહેલા બનેલ બનાવમાં તેઓને આરોપીઓ સાથે ખેતરમાં જવાનો રસ્તો બંધ કરવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બનાવમાં બીજુ કઈ બનેલ નહી બનાવ સમયે ટોળુ ભેગુ થતા ધકકામુકકી થતા પડી જવાથી તેઓને સામાન્ય ઈજાઓ થયેલ તેની સારવાર તેઓએ માલપુર સરાકારી દવાખાને લીધેલ. બનાવ બાબતેની ફરિયાદ તેઓએ માલપુર પો.સ્ટે આપેલી અને તે ફરીયાદ આંક–૩૩ થી રજુ છે અને જેમાં ફરિયાદી તરીકે તેઓની સહી છે. આરોપીઓને તેઓ ઓળખે છે.

આમ,વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક રજુઆતથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવામાં આવેલ. જેમાં સદર ફરીયાદી નાઓએ આંક–૩૩ ની ફરીયાદની તથા તેઓના પોલીસ રૂબરૂના નીવેદનની તમામ હકીકતોને નકારી કાઢેલ છે.

આરોપીઓ તર્ફે સદર ફરિયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ જાતની ઈજા કરેલ નથી કે અશ્લીલ ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. ફરીયાદ તેઓની સાથે આવેલ માણસોએ લખાવેલી. તેઓએ ફકત તેમાં સહી કરેલી તે સિવાય ફરીયાદની કોઈ હકીકત તેઓ જાણતા નથી.

**(૧૧)...** તે રીતે આ કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવો ધ્યાને,વંચાણે લેતા, આ કામના ફરીયાદીને આરોપીઓ સાથે ખેતરમાં જવાનો રસ્તો બંધ કરવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હતી તે સિવાય કોઈ બનાવ બનેલ નથી. સદર ફરીયાદીને ફરી ગયેલા જાહેર થયા બાદની ઉલટતપાસમાં ફરીયાદ હકીકત અને પોલીસ નીવેદનમાં લખાયેલ હકીકતનો ઈન્કાર કરેલો છે. **તેમજ** આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં આરોપીઓએ તેઓને કોઈ જાતની ઈજા કરેલ નથી કે અશ્લીલ ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નહી હોવાનુ સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ ન હોય આરોપીઓની સદરહુ ગુન્હાનાં કામે સીધી સંડોવણી હોવાનુ જણાય આવતુ નથી.

**(૧૨)...** વધુમાં સદર કામે આંક-૩૪ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આંક-૩૫ થી ઈજા પામનારનું સારવાર સર્ટીફીકેટ રજુ થયેલ છે જે ધ્યાને લેતા પંચનામા અંગેની તથા ફરીયાદીને થયેલ ઈજાઓ અંગેની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ આ કામે જયારે ફરીયાદી એજ આરોપીઓને તેઓ સાથે ફકત સામાન્ય બોલાચાલી થયા અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આપેલ છે અને આરોપીઓએ તેઓને માર મારેલ હોય તે અંગે ઈન્કાર કરેલ છે તેવા સંજોગોમાં માત્ર પંચનામા અને સારવાર સર્ટીફીકેટ રજૂ કર્યેથી અને તેટલી જ હકીકત આધારે સદરહુ પંચનામા અને સારવાર સર્ટીફીકેટની હકીકતો ગ્રાહય રાખી તેના આધારે આ કામનાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં, આ કામે આંક-૩૬ થી ફરીયાદપક્ષ તરફે પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ આપવામાં આવેલ હોવાથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૩)... આમ, ફરીયાદ પક્ષનાં રેકર્ડ ઉપર આવેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરવામાં આવે તો, તે પુરાવાઓથી ફલીત થતુ નથી કે, બનાવ સમયે અને સ્થળે આ કામનાં ફરીયાદી મોજે ચંદસર ગામે આ કામનાં ફરીયાદી પોતાના કુટુંબી ભાઈ શૈલેષભાઈ રાવજીભાઈ પટેલનાઓના ઘરે જતા હતા ત્યારે કોલમ નં .(૧)માં જણાવેલ આરોપીઓએ ફરીયાદીને મા–બેન સામી બિભત્સ અશ્લીલ ગાળો બોલી કહેવા લાગેલો તને તથા તારા ભાઈઓને અમારા ખેતરમાં આવેલ રસ્તામાંથી નીકળવા નહી દઈએ તારાથી થાય તે કરી લેજે જેથી ફરીયાદીએ તેઓને ગમે તેમ બિભત્સ અશ્લીલ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.(૧) હર્ષભાઈ મનહરભાઈ પટેલનાઓએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જતા જતા ત્રણેય આરોપીઓએ ફરીયાદીને મા–બેન સામી અશ્લીલ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૨૯૬(ખ),૫૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુના કરેલ હોય, તેવા સંજોગોમાં આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી જેના કારણે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય અને તેવા સંજોગોમાં આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપિત ગુન્હાઓ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી **મુદ્દા નંબર ૧ નો જવાબ " નકારમા "** ઠરાવી મુદ્દા નંબર– ૨ અં ગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:(/આ ખ રી હુ ક મ/):–**

૧... આ કામના આરોપીઓ :(૧)હર્ષભાઈ મનહરભાઈ પટેલ,(૨)મમતાબેન વા/ઓ હર્ષભાઈ મનહરભાઈ પટેલ,(૩) ઉષાબેન વા/ઓ મનહરભાઈ માધાભાઈ પટેલ. તમામ રહે.ચંદસર,તા. માલપુર, જી.અરવલ્લી નાઓને **બી.એન.એસ.એસ. ની કલમ .૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા**

**–૨૦૨૩ ની કલમ –૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૨૯૬(ખ),૫૪ અન્વયેનાં શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.**

૨... આરોપીઓએ **બી.એન. એસ.એસ. ની કલમ–૪૮૧(એ)**ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલત માં અપીલ કે, પીટીશન થયેથી, જે–તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીઓના અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ– **૩૦ મી,** માહે–**માર્ચ**,સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી, જાહેર કર્યો.

**તા. ૩૦/૦૩/૨૦૨૬**
**માલપુર.**

**(પૂજા સુરાણા)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માલપુર.( જજ કોડ જીજે ૦૧૪૨૮)**

એચ.એલ.મેર–પી.એ.